# જિલ્લામાં લીલા લાકડાંનો કાળો કારોબાર પૂરજોશમાં



## લીલાં વૃક્ષોનું નિકંદન છતાં તંત્ર મૌન : ગેરકાયદે લીલા લાકડાંની હેરાફેરીમાં વધારો

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૯ દર વર્ષે વૃક્ષો વાવો, વરસાદ લાવો ના નારા સાથે ચોમાસામાં વૃક્ષારોપણના કાર્યક્રમો યોજી જિલ્લાને હરિયાળો બનાવા પાછળ લાખો રૂપિયાનો ધુમાડો થતો હોવા છતાં આશ્ચર્ય વચ્ચે લીલા વૃક્ષોનું રોજ નિકંદન નીકળી રહ્યું છે. લીલા લાકડાનો કાળો કારોબાર ગ્રામ્ય વિસ્તારમાં પૂરજોશમાં ચાલી રહ્યો છે જેના કારણે હરિયાળી નષ્ટ થઈ રહી છે. બંને જિલ્લામાં ગેરકાયદે લીલા લાકડા ભરીને દોડતાં વાહનોની સંખ્યામાં ધરખમ વધારો થયો છે. જ્યારે વૃક્ષો સાચવવાની જવાબદારીથી વનવિભાગ અને મહેસૂલ વિભાગે મૌન સેવી લેતાં ગૌચર તેમજ ખેતરના શેઢાઓ ઉપરથી લીલાં વૃક્ષો ગાયબ થઈ રહ્યા છે.

વન વિભાગના આંખ મિચામણાંથી ગેરકાયદે લીલાં વૃક્ષોની હેરાફેરી કાયમી બની છે. બંન્ને જિલ્લામાં સરકાર દ્વારા ચોમાસા દરમ્યાન સામાજીક વનીકરણ યોજના હેઠળ જેટલા છોડ વાવવામાં આવે છે તેના કરતાં બમણાં વૃક્ષોનું નિકંદન નિકળી રહ્યું છે છતાં કાર્યવાહીના નામે માત્ર નાટક થઈ રહ્યા છે. જિલ્લામાં નડતરરૂપ વૃક્ષો દૂર કરવા માટે ઓનલાઈન મંજૂરી જરૂરી બનાવવામાં આવી છે પરંતુ ક્યાય પણ તેનો યોગ્ય અમલ થતો નથી અને રોજ અસંખ્ય વૃક્ષો ગેરકાયદેસર રીતે કાપી લીલું લાકડું સો મીલોમાં ઠલવાઈ રહ્યું છે. જિલ્લામાં વૃક્ષોનું નિકંદન કાઢનારાઓ ઉપર કાયદાનો કોઈ અંકુશ ન હોય તેવી સ્થિતિ ઠેકઠેકાણે જોવા મળી રહી છે. માર્ગો ઉપર રાત પડે ગેરકાયદેસર કપાયેલા લીલાં વૃક્ષોનું લાકડું ભરીને દોડતાં વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષછેદન પ્રવૃત્તિએ માજા મૂકી દીધા પછી લીલાં લાકડાંનું ગેરકાયદે વહન કરનારા બેફામ બની ગયા હોય તેવું આમપ્રજા જોઈ શકે છે પરંતુ જવાબદાર વન વિભાગ અને મહેસુલ વિભાગના અધિકારીઓને જાણે કશું જ દેખાતું ન હોય તેવી સ્થિતિ સામે આવી છે. જિલ્લાને હરિયાળો બનાવવા માટે ચોમાસામાં વૃક્ષારોપણના કાર્યક્રમો યોજનારી સામાજિક સંસ્થાઓ અને પ્રકૃતિઓ પ્રેમીઓએ પણ બેફામ વૃક્ષછેદન પ્રવૃત્તિ સામે ચુપકીદી સાધી લેતાં વૃક્ષોનું ધનોત-પનોત નીકળી રહ્યું છે. લીલાં લાકડાં ભરીને માર્ગો ઉપર બિન્દાસ પસાર થતા વાહનચાલકોને અગાઉથી જવાબદાર તંત્ર સાથે સેટીંગ હોય તે રીતે ગેરકાયદે વૃક્ષો કાપ્યા પછી લીલું લાકડું દૂરદુરની સો મીલો સુધી આસાનીથી પહોંચી રહ્યું છે. ગેરકારયદેસર વૃક્ષછેદન પ્રવૃત્તિ ઉપર અંકુશ મુકવામાં નહિ આવે તો જિલ્લો ઉજજડ બનવાની દહેશત વ્યકત થઈ છે.

# મિશ્રઋતુનો માહોલ : જિલ્લામાં વાયરલ બીમારીઓનું વાવાઝોડું ફૂંકાયું

**૧૦૦૦૦૦થી વધુ લોકો શરદી, ખાંસી અને તાવની ઝપેટમાં : આરોગ્ય વિભાગની સબસલામતની આલબેલ : રાત્રે ઠંડી, બપોરે ગરમીથી જનઆરોગ્ય જોખમાયું**

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૯ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પરોઢે-રાત્રે ઠંડી તેમજ બપોરે ગરમીનો માહોલ ઉભો થતાં તેની વિપરીત અસર જનઆરોગ્ય ઉપર થઈ છે. જિલ્લામાં સરકારી અને ખાનગી દવાખાનાઓમાં શરદી, ખોંસી અને તાવના દર્દીઓની સંખ્યામાં ધરખમ ઉછાળો આવ્યો છે. બંન્ને જિલ્લામાં વાયરલ બિમારીઓએ માથું ઉંચકયું હોવા છતાં આરોગ્ય તંત્ર સબસલામતની આલબેલ પોકારી રહ્યું છે. જિલ્લાનું આરોગ્ય તંત્ર કોરોનાને માત આપવા માટે રસીકરણની કામગીરીમાં પરોવાયું છે પરંતુ મિશ્રઋતુના કારણે ગામેગામ માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે.

જિલ્લામાં હવામાનમાં સમયાંતરે નાટ્યાત્મક બદલાવ આવતા હોવાથી રવી સીઝનની ખેતીને તેની માઠી અસર થવાની સાથે હવે જનઆરોગ્ય કથળવા લાગ્યું છે. બેવડી ઋતુનો અનુભવ થતાં ૧૦૦૦૦૦થી વધુ લોકો વાયરલ બિમારીના સકંજામાં આવી ગયા છે. રાતથી સવાર સુધી ઠંડી અને બપોર ચઢતાં જ ગરમીનો અહેસાસ થવા લાગ્યો છે. બંન્ને જિલ્લામાં આરોગ્ય માટે વિપરીત હવામાની સ્થિતિ ઉભી થતાં શરદી, ખોંસી અને તાવના દર્દીઓમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં તો હાલના સમયે ઘેર..ઘેર માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે. જિલ્લાની ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં છેલ્લા એક સપ્તાહથી દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. કોરોનાના સંક્રમણ વચ્ચે શરદી, ખોંસી અને તાવના દર્દીઓ હવે તાત્કાલિક નિષ્ણાત તબીબો પાસે દોડવા લાગ્યા છે. જેથી બંન્ને જિલ્લામાં વાયરલ દર્દીઓની સંખ્યામાં એકાએક ઉછાળો આવ્યો છે. જિલ્લાની સરકારી હોસ્પિટલો ઉપરાંત ખાનગી હોસ્પિટલોમાં દૈનિક ઓ.પી.ડી. કેસમાં ઉછાળો આવ્યો છે. સામાન્ય રીતે વર્તમાન સમયગાળો ઋતુ સંધીકાળ તરીકે આયુર્વેદના જાણકારો જણાવી રહ્યા છે જેમાં એક ઋતુમાંથી બીજી ઋતુ તરફનું પ્રયાણનો સમયગાળો જનઆરોગ્ય માટે જોખમી હોવાથી સ્વાભાવિક રીતે જ વાયરલ બિમારીઓએ માથું ઉંચકતાં સરકારી અને ખાનગી હોસ્પિટલો બિમાર દર્દીઓથી ઉભરાઈ રહી છે.

# મોડાસામાં રિપેરીંગ માટે મિત્રને આપેલી કાર પરત ન આપતાં ફરીયાદ

**દોસ્ત દોસ્ત ન રહા : ૬ વર્ષે કારમાલિકે ફરિયાદ નોંધાવી**

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૯ મેઘરજ તાલુકાના બીટી છાપરા ગામના દિલીપ ગલજીભાઈ સુવેરાની કારનું અકસ્માત થતાં તેમના મિત્ર ફિરોજ યુસુબભાઈ શેખ (રહે.ઈન્દિરાનગર, મેઘરજ) ને કાર રિપેરીંગ માટે આપ્યા પછી મોડાસાના રોયલ મોટર્સમાં કાર લઈ ગયા પછી મૂળ માલિકને પરત ન આપી છેતરપીંડી આચરવામાં આવતા પોલિસ ફરીયાદ થઈ છે. બનાવના ૬ વર્ષ પછી કાર માલિકે એક સમયના મિત્ર સામે કાનૂની કાર્યવાહી કરતાં દોસ્ત દોસ્ત ન રહા જેવો ઘાટ ઘડાયો છે.

પ્રાપ્ત જાણકારી મુજબ બીટી છાપરાના દિલીપભાઈ સુવેરાની અલ્ટો કાર વર્ષ ૨૦૧૫ના સમયગાળામાં માલપુર તાલુકાના ચોરીવાડ પાસે અન્ય વાહન સાથે ટકરાઈ જતાં કારને નુકસાન પહોંચ્યું હતું જેથી કાર માલિકે મેઘરજના ઈન્દિરાનગરમાં રહેતા મિત્ર ફિરોજભાઈ શેખ ગેરેજનું કામ કરતા હોવાથી તેમનો સંપર્ક કર્યો હતો જેમાં તા.૪/૨/૨૦૧૫ના રોજ ગેરેજ મિકેનિક મિત્રના કહેવાથી અલ્ટો કારને રિપેરીંગ માટે રોયલ મોટર્સ મોડાસામાં લાવવામાં આવી હતી. જ્યાં થોડાંક સમય પછી કાર રિપેર કરીને પરત આપવાનો વાયદો કરવામાં આવ્યો હતો પરંતુ ઘણો લાંબો સમય વીત્યાં પછી પણ કાર પરત આપવામાં આવી ન હતી. મિત્ર કાર માટે વારંવાર પુચ્છા કરતા ગેરેજ મિકેનિક ફિરોજ શેખે ગલ્લાંતલ્લાં કરી ૬ વર્ષ સુધી કારમાલિકને પાછળ પાછળ ફેરવ્યા બાદ હાથ ઉંચા કરી નાખ્યા છે. રિપેરિંગ માટે આપવામાં આવેલી અલ્ટો કાર પરત ન આપી મિત્રએ દગો દીધાનું જણાઈ આવતાં પોલિસ ફરીયાદ થઈ છે. બનાવ અંગે મોડાસા ટાઉન પોલિસે વિશ્વાસઘાત તેમજ છેતરપીંડીનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# ચુંટણીના માહોલમાં જીવાતથી પ્રજા, વાહનચાલકો પરેશાન

**જિલ્લામાં મોલો મસીનો ઉપદ્રવ વધ્યો, ગરમી વધતાં ઉપદ્રવ વધુ વધવાની દહેશત : રાયડા, વરીયાળીના ખેતરોમાંથી જીવાત ગામડા ભણી**

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૯ ફેબ્રુઆરીના અંતિમ પખવાડીયામાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીનો માહોલ જામ્યો છે. છેલ્લા કેટલાંક દિવસથી આકરો ઉનાળો બેઠો હોય તેમ બપોરે ગરમીનો અનુભવ શરૂ થયા પછી ગ્રામ્ય વિસ્તારોમાં મોલો મસીનો ઉપદ્રવ વધ્યો છે. હવામાં ઉડતી મોલો જીવાત આંખોમાં તીડની જેમ ઘૂસી જતી હોવાથી દ્વિચક્રિય વાન ચાલકો અને પ્રજા પરેશાન બની છે. આગામી સમયમાં જેમ તાપમાનનો પારો ઉંચકાશે તેમ જીવાતનો ઉપદ્રવ વધવાની દહેશત છે.

દર વર્ષે ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં મોલો મસીનો ઉપદ્રવ વધતો હોય છે. જિલ્લાના ખેતરોમાં રાયડા અને વરિયાળીનો પાક તૈયાર થઈ જતાં ખેડૂતોએ હજુ તો પાક લણવાની તૈયારી શરૂ કરી છે ત્યાં ખેતરોમાંથી મોલો મસી ઉડીને ગામડાઓમાં પ્રવેશી જતાં પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં મોલો મસીનો ઉપદ્રવ એટલી હદે વધી ગયો છે કે પ્રજાને કોઈની સાથે વાત કરવી હોય તો પણ મોંઢા આગળ રૂમાલ ઢાંકવો પડે અન્યથા મોલો મસી સીધી મોંઢામાં ઘૂસી જાય છે. ગરમીનું પ્રમાણ વધે એટલે મોલોમસી ઉડવા લાગતી હોય છે જેના કારણે દ્વિ-ચક્રી વાહન ચાલકો પણ વાહનો હંકારવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટતાં જાહેર કાર્યક્રમો શરૂ થયા છે જેમાં ધાર્મિક કાર્યક્રમો સ્થળે પ્રસાદના આયોજન થઈ રહ્યા છે પરંતુ મોલો મસી પરેશાનીનું કારણ બની છે. દ્વિચક્રિ વાહન ચાલકોએ તો રોડ ઉપરથી પસાર થવું હોય તો હેલ્મેટ કે ચશ્મા વગર નીકળી પણ નશકાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાં હમણાંથી ખેતરોમાંથી ઉડતી મોલોમસીએ અનેક લોકોને આંખ ચોળતા કરી દીધા છે. જેમ ગરમીનો પારો ઉંચકાશે તેમ મોલો મસીનો ઉપદ્રવ બમણા વેગથી ફેલાવાની ભીતિ છે.

# હે રામ... અરવલ્લી પોલીસ ઉપર દારૂ હેરાફેરીનો આરોપ

**ચારણવાડ નજીક પકડાયેલ વિદેશી દારૂ અન્ય વાહનમાં ભરી કોણ ભાગ્યું..!! : પોલીસવડાની ધાક તળીયે જઈ રહી છે..!!**



### પોલીસ પંચનામાનું નાટક કરવા દોડી

આયશર ટ્રકમાંથી વિદેશી દારૂ જડપાય તે એસેન્ટકારમાં ભરીને બારોબાર રવાના થાય, વાહન ઉંધુ પડે અને પછી પોલીસ મગરમાં આંસુ સારવા માટે સ્થળ ઉપર દોડી આવે..!! પોલીસ પંચનામાનું નાટક કરી પોતે સર્વે સત્તાધિશ હશે તે પ્રમાણે પંચનામુ કરશે..!! પણ સાચા ખાખીવર્દી ગુનેગારોના નામ બહાર આવશે ખરા ?



બાયડ, તા. ૧૯ અરવલ્લી પોલીસે વિદેશી દારૂ ભરેલુ આઈશર ઝડપ્યા પછી વિદેશી દારૂ એસેન્ટ કાર મારફતે હેરાફેરી થતી હોવાના રેકેટનો પર્દાફાશ થતાં અરવલ્લી પોલીસ ખુદ શંકાના દાયરામાં આવી છે. ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધી છે. સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં દારૂની હેરાફેરી અટકાવવી પોલીસની પ્રથમ ફરજ છે પરંતુ અહી તો વાડ જ ચીભડાં ગળતી હોય તેવુ ચિત્ર છે. દારૂ ભરેલી કારનો કોઈ પીછો કરે છે તેમ જણાતાં કાર ઉપરનો કાબુ ગુમાવતાં વાહન પલટી ખાઈ ગયુ અને કેટલોક વિદેશી દારૂ લોકો ઉઠાવી ગયા પરંતુ સમગ્ર મામલામાં ૨ પોલીસની ભૂમિકા ભુંડી હોવાની ચર્ચા ઉઠી છે આ સાથે બહુ વખાણાયેલા પોલીસવડા સંજય ખરાતની ધાક પણ તળીયે જઈ રહી છે.

જિલ્લામાં પોલીસ દારૂનો વેપલો કરે છે તેવા આરોપ લાગ્યા છે. વારંવારના આરોપ છતાં પોલીસવડા ગંભીર નથી તાજેતરમાં જ બુટલેગરે એલસીબી અરવલ્લી ઉપર કરેલ ગંભીર આક્ષેપ ઘણુ બધુ કહી જાય છે. ત્યારે શુક્રવારે તો એવી ઘટના બની કે ખાખી વર્દી ઉપરનો પ્રજાનો વિશ્વાસ જાણે ડગમગ્યો. ચારણવાડ નજીક પકડેલા વાહનમાંનો વિદેશી દારૂ લક્ઝુરીયસ કારમાં કોના ઈશારે લઈ જવાતો હતો..!! ક્યા લવાઈ જવાનો હતો..!! કે પછી આવી રીતે પકડાતા દારૂનો બારોબાર વેપલો કરવામાં જિલ્લા પોલીસના ભ્રષ્ટ કર્મીઓ સક્રીય બન્યા છે..!! સમગ્ર દારૂ પ્રકરણમાં મેષ અને કન્યા રાશિના પોલીસ કોન્સ્ટેબલના નામ ચર્ચામાં છે. આ બન્ને જ્યાં ઈચ્છે ત્યાં આસાનીથી પોસ્ટિંગ મેળવે છે. લાગે છે એલસીબી શાખામાં હવે તોડબાજ ટોળકી સક્રીય છે જેથી મતદારોના જીવ ઉપર પણ જોખમ મંડરાયુ છે.

**હિંમતનગરના પ્લેટિનિયમ સ્કવેર કોમ્પલેક્ષની ખુલ્લી જગ્યામાં**

# બિનઅધિકૃત રીતે દુકાન બનાવી ગેરકાયદેસર રીતે વેચાણ કરનાર ડાયરેક્ટર વિરુદ્ધ ફરિયાદ

**ગ્રાહકને પ્લેટિનિયમ સ્કવેર કોમ્પ્લેક્સનું ખોટું બ્રોશર બતાવી રૂ. ૮૨ લાખમાં બે દુકાનો પધરાવી દીધી હતી**

હિંમતનગર (બ્યુરોઓફિસ) તા.૧૯ હિંમતનગર શહેરના હાર્દ સમા પ્રતાપગઢ પેટ્રોલ પંપની નજીક આવેલા પ્લેટેનીયમ સ્કેવરના ડાયરેકટર દ્વારા બિનઅધિકૃત રીતે પાર્કિંગની ખુલ્લી જગ્યામાં દુકાનો બનાવી તેનું ગેરકાયદેસર વેચાણ કર્યા બાદ હિંમતનગર નગરપાલિકાએ ગેરકાયદેસર દુકાનોનું બાંધકામ તોડી પાડતા રૂ. ૮૨,૧૪,૪૦૦/- પરત માંગવા ગયેલા મિલકત ધારક ને ધમકીઓ આપી છેતરપિંડી આચરનાર ડાયરેક્ટર વિરુદ્ધ છેવટે બી ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધાતા ચકચાર મચી જવા પામી છે

હિંમતનગર બી ડીવીઝન પોલીસ મથકે નોંધાયેલી ફરીયાદ અનુસાર હિંમતનગર શહેરના હાર્દ સમા વિસ્તારમાં બનાવેલ પ્લેટિનિયમ સ્કવેર શરૂઆતથી જ ચર્ચાના કેન્દ્રમાં રહ્યુ છે પ્લાન વિરુદ્ધ બાંધકામ અને રજા ચિઠ્ઠી અંતર્ગત તાત્કાલિક પ્રાંત અધિકારીને અરજીઓ કરવા છતાં મનાઈ હુકમ આપ્યા બાદ ગેરકાયદેસર બાંધકામ થઈ ગયું હતું અને દુકાન નું વેચાણ પણ શરૂ થઈ ગયું હતું વહીવટી તંત્રની અગમ્ય કારણોસર ગંભીર બેદરકારી નો ભોગ મિલકત ધારક ખરીદનારને બનવું પડ્યું છે પ્લેટેનીયમ સ્કેવર કોમ્પ્લેક્ષના ગ્રાઉન્ડ ફ્લોર પર બીજા નંબરની દુકાન ખરીદનાર હેમાંગ હસમુખલાલ સોની એ પાછળના ભાગમાં આવેલ દુકાન રૂ. ૮૨,૧૪,૪૦૦/- ચૂકવીને વેચાણ દસ્તાવેજ કરી યુનિયન બેંક સાથે લીઝ ડીલ પ્રક્રિયા શરૂ કરી અને બેંકનો સ્ટ્રોંગ રૂમ બનાવવાનું શરૂ કર્યું હતું ત્યારે હિંમતનગર નગરપાલિકાની આશ્ચર્યચકિત થઈ ગઈ હતી અને જાન્યુઆરી ૨૦૧૯ માં નોટિસ આપ્યા બાદ તારીખ ૮-૩-૨૦૧૯ ના રોજ પાર્કિંગ માં બનાવેલ દુકાનનું બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું

જેને લઈને રૂ. ૮૨ લાખથી વધુ રકમ ખર્ચ કર્યા બાદ દુકાન નું બાંધકામ તોડી પાડવામાં આવતા વેપારી પર આભ તૂટી પડયું હતુ અને મહાવીર ઈન્ફ્રાસ્પેસ પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટરો જીનાગ હર્ષદભાઈ શાહ , રીટાબેન હર્ષદભાઈ શાહ તથા હર્ષદભાઈ જયંતિભાઈ શાહ (રહે. મહાલક્ષ્મી સોસાયટી) મુકામ પોસ્ટ- માટે , ગાંધીનગર નો સંપર્ક કરતા આ જગ્યા રીવાઈઝ પ્લાન મુકેલ છે થોડા સમયમાં થઈ જશે તેવી હૈયાધારણ આપી હતી અને અવારનવાર કોમ્પ્લેક્ષમાં અન્ય દુકાન કે પૈસા પરત આપવાની ઉઘરાણી કરવા દરમિયાન હેમાંગભાઈ સોનીના પત્નીના નામે પોસ્ટ દ્વારા નનામી ધમકી આપી હતી કે તમારા ઘરવાળા બહુ હોશિયારી કરે છે માટે ટૂંક સમયમાં તમારા ખરાબ દિવસો નજીક આવી રહ્યા છે તમારા ઘરમાં કોઈ એક સદસ્ય નું અસ્તિત્વ નહીં રહે તેની સોપારી આપી દેવાઈ છે બી ડિવિઝન પોલીસે આક્ષેપિત ત્રણેય ડાયરેક્ટરો પૈકી ચિરાગ હર્ષદભાઈ શાહ વિરુદ્ધ પાર્કિંગની જગ્યામાં બનાવેલ દુકાનનું રૂપિયા બિનઅધિકૃત રીતે વેચાણ કરી છેતરપિંડી આચારવા અંતર્ગત ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

# બાયડ પાલિકા વોર્ડ નં. ૫ અને ૬માં ભાજપાના ઉમેદવારોને સ્વયંભૂ સમર્થન

બાયડ, તા. ૧૯ બાયડ પાલિકા વોર્ડ નં. ૫ અને ૬ માં ભાજપાના ઉમેદવારોને સ્વયંભૂ સમર્થન મળતાં બાયડ ગામ વિસ્તારના ભાજપા કાર્યકરોમાં ઉત્સાહ વધ્યો છે. યુવા મતદારોમાં મતદાનનો જે ઉત્સાહ જોવા મળે છે તે જોતાં બાયડ ગામમાં ભાજપાના તમામ ઉમેદવારો વિજયી બનશે તેમ શહેર સંગઠન પ્રમુખ સ્નેહલભાઈ પટેલે જણાવ્યું છે.



ભાજપા દ્વારા બાયડ પાલિકા વિસ્તારમાં પ્રજાના તમામ કામો કરવાની સાથે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભ આપવામાં આવ્યા છે. વોર્ડ નં. ૫ ભાજપાના ઉમેદવાર અરવિંદભાઈ જેઠાભાઈ પટેલ, હેમંતભાઈ પટેલ, આશાબેન વસાવા, વીણાબેન રમણભાઈ પટેલ, વોર્ડ નં. ૬ ઉમેદવાર ભરતભાઈ સુરેશભાઈ પટેલ, હર્ષદભાઈ રેવાભાઈ પટેલ (મુખી), કૈલાસબેન મેહુલભાઈ સોલંકી, રાધાબેન કિશનભાઈ ચૌહાણને જે રીતે પ્રચાર દરમ્યાન વ્યાપક આવકાર મળે છે તે જોઈ ભાજપા છાવણીમાં આનંદ જોવા મળ્યો છે. બાયડ ગામના યુવાનો સત્તા પરિવર્તનની તરફેણમાં હોવાનું અને ભાજપાના ઉમેદવારોને ભારે બહુમતીથી ચૂંટી કાઢવાનું અગાઉથી જ એલાન કરી ચૂક્યા છે. વોર્ડ નં. ૬ ના ભાજપાના ઉમેદવાર ભરત પટેલે જણાવ્યુ છે કે આ વખતે લોક મિજાજ ભાજપા તરફી છે. ભાજપાની વિકાસયાત્રાને મતદારો આવકારી રહ્યા છે.

# ઉત્તર ગુજરાતમાં કોરોનાની સ્થિતિ વણસતી જાય છે : નવા ૧૮ કેસ

બાયડ, તા. ૧૯ ઉત્તર ગુજરાતમાં કોરોના કાબુમાં હોવાના દાવા ખોટા સાબિત થઈ રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં નવા ૧૮ પોઝીટીવ કેસ નોંધાયા છે. સ્થિતિ વણસી રહી છે તે આરોગ્ય વિભાગ દ્વારા સ્વીકારવુ પડશે. જ્યારે ધો. ૬ થી ૮ ની શાળાઓ વિદ્યાર્થીઓ માટે ખોલવામાં આવી છે ત્યારે કોરોના વધુ ઘાતક સાબિત થઈ શકે છે.

**૨૪ કલાકમાં પોઝીટીવ કેસ**

| જિલ્લો | પોઝીટીવ કેસ |
|---|---|
| મહેસાણા | ૦૮ |
| બનાસકાંઠા | ૦૩ |
| પાટણ | ૦૨ |
| સાબરકાંઠા | ૦૪ |
| અરવલ્લી | ૦૧ |

સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક પહેરવાનું લગભગ ભુલાયુ છે. પ્રજાને કોરોનાનો કોઈ ડર ન હોય તે રીતે કોવિડ-૧૯ ગાઈડલાઈનનો અમલ જ અભરાઈ ઉપર ચડ્યો છે. જિલ્લાના શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં ચૂંટણી પ્રચાર પરાકાષ્ટાએ છે ત્યારે કોરોના સંક્રમીત અનેક લોકો સાજા લોકોના સંપર્કમાં આવી કોરોનાનું સંક્રમણ વધુ ફેલાવી રહ્યા છે. પાછલા ૨૪ કલાકમાં મહેસાણામાં સૌથી વધુ ૮ પોઝીટીવ કેસ નોંધાયા છે. અરવલ્લી જિલ્લામાં કોરોના બેકાબુ હોવા છતાં આરોગ્ય વિભાગના દફતર ઉપર સાચા આંકડા કેમ નથી આવતા..!! જિલ્લામાં દરરોજ કોરોના પોઝીટીવ-શંકાસ્પદ ૨૦ થી વધુ કેસ હોવાનું અનુમાન છે. પરંતુ પ્રજા હવે ખાનગી હોસ્પિટલ ઉપર વધુ વિશ્વાસ કેળવી રહી છે. વેક્સીનેશન શરૂ થયુ છે તો પણ કોરોનાના કેસ કેમ ઘટતા નથી તે સવાલો પ્રજાને મુજવી રહ્યા છે.